# સોનપરી

— નટવર આહલપરા

એક રળિયામણું અને સુંદર ગામ હતું. આ ગામમાં રોજ સાંજે એક પરી આવતી હતી. પરીને બે સુંદર પાંખો હતી. તેનું નામ સોનપરી હતું. ગામનાં ભૂલકાંઓને સોનપરી બહુ ગમતી હતી. તેનાં અંગો ઝગમગ ઝળકતાં હતાં. તે વીજપરી જેમ આકાશમાંથી ઊતરી તેમ ઊતરી આવતી હતી. તેની કેડ ઉપર સોનાકંદોરો ચમકતો હતો. સોનપરી પગમાં ઝાંઝર અને માથે જરી ભરેલી ઓઢણી ઓઢતી હતી. તેના દાંત દાડમના લાલ દાણા જેમ ચમકતા હતા. તેના હાથમાં ફૂલોનાં કંકણ શોભતાં હતાં. પરી તો એવી ચમકતી હતી કે, ગામનાં ભૂલકાંઓ અંજાઈ જતાં હતાં. સોનપરી ઝળહળ ઝળહળ શોભતી હતી !



■